# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, “સ્વામિત્વ યોજના હેઠળ મળેલા પ્રોપર્ટી કાર્ડથી ગરીબ અને ગ્રામીણ નાગરિકોને સાચું સ્વામિત્વ અને આત્મનિર્ભરતા મળશે.”
2) કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું કે, “શૈક્ષણિક સંસ્થાઓને સંશોધનપત્રનો યોગ્ય ઉપયોગ કરવા સરકાર તૈયાર”
3) રાજ્ય સરકાર દ્વારા રવી માર્કેટિંગ સિઝન અંતર્ગત 2 હજાર 425 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરાશે.
4) GPSCની વર્ગ એક અને બેની પરીક્ષામાં સામાન્ય અભ્યાસનો એક જ અભ્યાસક્રમ અમલી રહેશે.
5) હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ વાતાવરણમાં મોટો ફેરફાર નહીં થાય.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SWAMITVA CARD VITRAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વર્ચ્યૂઅલ માધ્યમથી સ્વામિત્વ યોજના હેઠળ રાજ્ય સહિત દેશભરમાં 65 લાખથી વધુ પ્રૉપર્ટી કાર્ડનું વિતરણ કર્યું. અમદાવાદમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે શ્રી નડ્ડાએ જણાવ્યું કે, મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં સામાન્ય વ્યક્તિના વિકાસના કામને સંપૂર્ણ મહત્વ અપાયું છે. સશક્તિકરણની વાત કરીએ છે ત્યારે અમારા કેન્દ્રમાં ગામ, ગરીબ, દલિત, શોષિત, પીડિત, વંચિત, યુવા, મહિલા અને ખેડૂત બધા રહ્યા છે. સ્વામિત્વ કાર્ડથી ખેડૂતો સશક્ત બનશે એમ શ્રી નડ્ડાએ ઉમેર્યું હતું.

## (બાઈટઃ જે. પી. નડ્ડા, કેન્દ્રીય મંત્રી)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વામિત્વ યોજનાને ગ્રામીણ ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ હોવાનું જણાવતાં કહ્યું કે, આ પ્રોપર્ટી કાર્ડથી ગરીબ, ગ્રામીણ નાગરિકોને સાચું સ્વામિત્વ અને આત્મનિર્ભરતા મળશે. તેમણે ઉમેર્યું, આ યોજનાએ મિલકતના માલિકોને સશક્ત બનાવવાની સાથે ગ્રામીણ ભારતમાં વધુ સારા માળખાગત આયોજન, નાણાકીય સ્થિરતા અને ટકાઉ વિકાસને વધુ સુદ્રઢ કર્યો છે.

## (બાઈટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

. . . . . . . . . . . . .

# SWAMITVA CARD STATE

મહેસાણા જિલ્લામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ભાવનગરમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા, બનાસકાંઠા જિલ્લામાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, અરવલ્લી જિલ્લામાં સાંસદ શોભના બારૈયા, રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી ભીખુસિંહ પરમારની ઉપસ્થિતિમાં સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરાયાં. પાટણમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં પ્રૉપર્ટી કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો.

જ્યારે ભુજમાં ત્રણ તાલુકાના 12 ગામના એક હજાર 174 લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરાયું. પોરબંદરમાં ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા અને સુરેન્દ્રનગરમાં પલાસા ગામમાં પણ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરાયું.

. . . . . . . . . . . . .

# IIM AHMEDABAD JP NADDA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું કે, પહેલાના સમયમાં ગરીબ લોકો પોતાના આરોગ્ય અંગે ચિંતા કરી શકશે તેવું વિચારી શકતા નહતા, પરંતુ આજે સારી આરોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યું કે, એક સમયે શૈક્ષણિક સંસ્થાઓના સંશોધનપત્ર એક જગ્યાએ સલામત રીતે પડ્યા રહેતા હતા, પરંતુ આજે તેનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે. IIM અમદાવાદ ખાતે યોજાયેલી હૅલ્થકૅર સમિટમાં શ્રી નડ્ડાએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટઃ જે. પી. નડ્ડા, કેન્દ્રીય આરોગ્ય મંત્રી  - પોલિસી મેકર બાઈટ)

. . . . . . . . . . . . .

# TEKA NA BHAVE KHARIDI

રાજ્ય સરકાર દ્વારા રવી માર્કેટિંગ સિઝન 2025-26 અંતર્ગત 2 હજાર 425 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરાશે. આ માટે 13 જાન્યુઆરી સુધીમાં રાજ્યભરમાંથી 33 હજાર 863 ખેડૂતોએ નોંધણી કરાવી છે. હાલમાં પણ ઑનલાઈન નોંધણી પ્રક્રિયા કાર્યરત છે.

પહેલી માર્ચથી શરૂ થનારી ઘઉંની ખરીદી માટે 194 ખરીદ કેન્દ્ર અને વિવિધ જિલ્લાઓમાં તાલુકાકક્ષાએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે 20 નવા ખરીદ કેન્દ્ર એમ કુલ 214 ખરીદ કેન્દ્ર શરૂ કરાશે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર 85111 71718 તથા 85111 71719 ઉપર સંપર્ક કરવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# GPSC GANDHINAGAR

ગુજરાત જાહેર સેવા આયોગ એટલે કે, GPSC દ્વારા વર્ગ એક અને 2ની પરીક્ષામાં સામાન્ય અભ્યાસનો એક જ અભ્યાસક્રમ અમલી રહેશે. અત્યાર સુધી GPSCની વિવિધ પરીક્ષા માટે સામાન્ય અભ્યાસના વિષયમાં વિવિધ અભ્યાસક્રમ અમલી હતો એમ GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું છે.

(બાઈટઃ હસમુખ પટેલ, અધ્યક્ષ, GPSC)

ખોટા પ્રશ્નના જવાબમાં વાંધો ઉઠાવવા અંગે ફીના વિરોધ મામલે શ્રી પટેલે જણાવ્યું કે, પ્રશ્નપત્રો કાળજીપૂર્વક તૈયાર કરાય છે અને ઓછી ભૂલ થાય તે માટે પ્રયાસ થઈ રહ્યા છે. વધારે વાંધો આવવાના કારણે ફી લેવાનો નિર્ણય કરાયો છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગા મ્યુઝિક)

………………………………

# AKASHVANI ENG. DEMISE

આકાશવાણી અમદાવાદનાં ઈજનેરી વિભાગનાં મદદનીશ ઈજનેર રાજીવ કુમારનું ગઈરાત્રે આકસ્મિક અવસાન થયું છે. તેઓ છેલ્લા 24 વર્ષથી આકાશવાણીમાં સેવારત હતાં. ગઈરાત્રે તેમને અમદાવાદની સોલા સિવિલ હોસ્પીટલમાં લઈ જવાયા હતાં. જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતાં.

. . . . . . . . . . . . . .

# WEATHER GUJARAT

રાજ્યમાં આગામી પાંચ દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. દરમિયાન પવનની દિશા દક્ષિણ પૂર્વ તરફથી પૂર્વ દિશા તરફ રહેશે. તેમજ ધીમી ગતિએ તાપમાનમાં સામાન્ય વધારો થઈ શકે છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં નલિયામાં સૌથી ઓછું 8.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે, જે આગામી 24 કલાકમાં 8 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની શક્યતા હોવાનું હવામાન શાસ્ત્રી રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

**(બાઈટ -- હવામાન શાસ્ત્રી, રામાશ્રય યાદવ )**

. . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર “મન કી બાત” કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 118મી કડી હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તેનું લાઇવ સ્ટ્રીમિંગ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે

. . . . . . . . . . . . .

# TENNIS CHAMPIONSHIP SURAT

સુરતમાં આવતીકાલથી 26 જાન્યુઆરી સુધી 86મી સિનિયર નેશનલ અને ઇન્ટર-સ્ટેટ ટેબલ-ટૅનિસ ચેમ્પિયનશીપ યોજાશે. અઠવાલાઈન્સ વિસ્તારના ઇન્ડોર સ્ટેડિયમમાં યોજાનારી આ સ્પર્ધામાં ટેબલ ટૅનિસ ખેલાડી અને અર્જુન પુરસ્કાર વિજેતા હરમીત દેસાઈ પણ ભાગ લેશે. તેમણે શહેરના દરેક લોકો માટે આ મહત્વની સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ તેમ જણાવ્યું હતું.

(બાઈટઃ હરમીત દેસાઈ, ટૅબલ ટેનિસ ખેલાડી)

. . . . . . . . . . . . .

# MAHISAGAR-KALA MAHA KUMBH

મહીસાગરમાં જિલ્લાકક્ષાની કલા મહાકુંભની લોકનૃત્ય, રાસ-ગરબા સહિતની વિવિધ સ્પર્ધામાં 6થી 59 વર્ષની વયના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે લુણાવાડાના પ્રાન્ત અધિકારી આનંદ પાટીલે જણાવ્યું કે, શિક્ષણ સાથે રમત-ગમત ક્ષેત્રે પણ જિલ્લો આગળ આવે અને વિદ્યાર્થીઓની સુસુપ્ત શક્તિ બહાર આવે તે માટે કલામહાકુંભ થકી પ્રયત્ન કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# AMDAVAD KHYATI HOSPITAL AROPI

અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ મામલે અમદાવાદ ગુનાશાખાએ હૉસ્પિટલના નિદેશક કાર્તિક પટેલની મોડીરાત્રે ધરપકડ કરી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, કાર્તિક પટેલ ઘણા સમયથી એક દેશથી બીજા દેશમાં આવતા-જતા હતા. તેમની સામે લુક-આઉટ નોટિસ જાહેર કરવામાં આવી હતી. આખરે તેમની અમદાવાદ હવાઈમથક પરથી ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# NAVSARI-LOKARPAN

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે આજે નવસારી મહાનગરપાલિકાના સેવા સુવિધા સહકાર નામક પ્રતિકનું અનાવરણ કર્યું. દરમિયાન શ્રી પાટીલે ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન માટે 13 મોટા વાહન, આઠ ટ્રેક્ટર-ટ્રેલર એમ કુલ 21 અને જિલ્લા માટે પાંચ અત્યાધુનિક એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# SOLAR PLANT NAGAPALIKA

રાજ્ય સરકાર દ્વારા 32 નગરપાલિકાઓને 60 સ્થળોએ સૉલાર પાવર પ્લાન્ટ્સ સ્થાપવા 45 કરોડ 37 લાખ રૂપિયા ફાળવવાની મંજૂરી અપાઈ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી નગરપાલિકાઓને સહાય ફાળવવામાં આવી છે.

સત્તાવાર યાદીમાં જણાવાયું કે, વીજળી બિલ ખર્ચમાં ઘટાડા સાથે નગરપાલિકાઓમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના વધુને વધુ ઉપયોગને પ્રોત્સાહિત કરવા આ પ્લાન્ટની સ્થાપના કરાશે, જેનો હેતુ નગરપાલિકાઓ પોતાના STP એટલે કે, ગટરના પાણીના શુદ્ધિકરણ સંયંત્ર, WTP એટલે કે, પાણી શુદ્ધિકરણ સંયંત્ર પમ્પિન્ગ સ્ટેશન્સ, નગરપાલિકાના બાંધકામોમાં સૉલાર પ્લાન્ટ સ્થાપીને સોલાર વીજ ઉત્પાદનથી તેમને આત્મનિર્ભર બનાવવાનો છે.

. . . . . . . . . . . . .